5910

ખાસ જ્ઞાન ખાતા માટેજ.

श्री जैन सुबोध माळा.

प्रथम भाग.

5910

છપાવી પ્રસિદ્ધ કર્ત્તા.

શ્રી સુવિધિ જીનમંડળી તરફથી
શા. સરૂપચંદ પુનમચંદ.
મુ. પેથાપુર.

અમદાવાદ—"વિજય પ્રવર્તક" પ્રેસ.

વિક્રમ સંવત ૧૯૫૪ સને ૧૮૯૮
કીંમત રૂ ૦-૨-૦

ખાસ જ્ઞાન ખાતા માટેજ.

श्री जैन सुबोध माळा.

प्रथम भाग.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

શ્રી સુવિધિ જીનમંડળી તરફથી
શા. સરૂપચંદ પુનમચંદ.
મુ. પેથાપુર.

અમદાવાદ—"વિજય પ્રવર્તક" પ્રેસ.

વિક્રમ સંવત ૧૯૫૪ સને ૧૮૯૮

કીંમત રૂ ૦-૨-૦

अर्पण पत्रिका.

પરમસ્નેહી.રા.રા.ડાહ્યાભાઇ હુકમચંદ
ડીસ્ટ્રીકટકોર્ટ પ્લીડરની શેવામાં.

મુ.—ધંધુકા.

આપ સ્વજાતિનો અને સ્વધર્મનો ઉદય કરવા તત્પર છો; તથા ભારતીમાતાનો પ્રકાશ કરવામાં ખંતીલા છો; તથા તેવા કામ કરનારને આપ વારંવાર સહાય થાઓછો; એવી આપની પરોપકાર વૃત્તી જોઇ આપને આ લઘુ ગ્રંથ અર્પણ કરૂંછું તે સ્નેહ પુર્વક માન્ય કરશોજી.

લી. શા. સરૂપચંદ પુનમચંદ.

પ્રસિદ્ધ કર્ત્તા.

श्री जैन सुबोध माळा.

૧

પામ્યો પામ્યો પદમંગી આવીહો, જાણો
તેની સફળ જીંદગાની. એ રાહ.

આજે આનંદ ઉરૂ અતિ થાયહો મને મ-
ળ્યા હરી અરસ્વામી;
સંકટ ટાળો વિપત વિડારો,
ભવસાગરમાંથી મને તારો;
કાઢો વિષય કષાયહો,
દયા કરી શેવકપર સ્વામી.
કર્મને બાળો મોહમતવાળો,
માન માયાને મારાથી ટાળો;
કરો નિર્મળ મમ કાયહો,
કરૂણા કરી અંતરજામી.
રાગ દ્વેશ વેરી છે બહુ ઝેરી,
લિધો છે મુજને તેને ઘેરી;

ઉગારો તો ઉગરાયહો'
અશરણ શરણ શિવ સ્વામી.
દે દુઃખ કુમતી મારીને સુમતી,
લાજ તજી ઉછરંગથી ઘૂમતી;
બતાવો કોઇ ઉપાયહો,
ટળે તન ઘરમાંથી ખામી;
કલેશ છે કુડો અહંકાર ભૂંડો,
સંતાપે આશા મધપૂડો;
લોભ આપે કષ્ટ કાયહો,
થયો દુર્બળ દુઃખ બહૂ પામી.
કંચન કાન્તા ટાળે છે શાન્તા,
બહુ ભમાવે સ્વભાવી ભ્રાન્તા.
દૂર સર્વ થયે સુખ થાયહો,
સુવિત્તિનો સમાજ કહે નામી.

૨

પુનમ ચાંદની ખીલી પુરી અહીંરે. એ રાહ.
ચીતે અવધારો ચંદ્ર પ્રભૂની શેવનારે,
જે છે પરમ પરમ સુખકાર,

ભાવે ભાવના ભાવેથી ભવ ભય ટાળશેરે.
કેસર કસ્તુરી બરાસ ચંદન ચરચિએરે,
કરિએ અત્તર વિલેપન અંગ. ભાવે.
વિવિધ જાતી કુસુમે કરી, કંઠે ઠવો ફુલ માળ;
અગરદશાંગ ઉખેવીને, કરોગિતગાનરસાળ.
નરધા સારંગીને જાલર ખુંબ રણ ઝણેરે,
ઘંટા ઘોષ શુણી કાન ચમકંત. ભાવે.
શિરમુગટ સોવનતણો, વિધવિધ રન્તજડીત;
કાને કુંડળ કનકના, નવ નવ રંગે રંગીત.
ભાલે તિલક ભલેરૂ હીરલે જડયુંરે,
જેવું તેજ જાણે દિપે અંબાર. ભા.
મણિ માણેક હીરાતણા, ઉર એકાવળહાર;
બાંયે બાજુ બેરખા, શોભાનો નહીં પાર.
સુંદિર શ્રીફળ સુવર્ણ તણું શોભતુંરે,
મોતી તોરો અને સરસ શિરપેચ. ભાવે.
સુવિધી જીનમંડળ અતિ, આનંદ પામે ઊર;
સસિ સમ પ્રભુ મુખ દેખતાં,
સુખ પામે ભરપૂર. ચીતે.

૩

અરે થયા છેવટ આવા હાલ. એ રાહ.

અરે તમે શોધા પાસ દયાળ,
છોડી સંસારનો મોહ જાળ. અરે.
ચિંતા ચૂરણ આશા પૂરણ,
કરો સંકટમાં સહાય;
દુઃખ વિડારણ ભવાબ્ધિ તારણ,
સુખકારી છે સદાય. અરે તમે.
ભિડ ભંજન અરીઅંજન સ્વામી,
ભક્ત વત્સળ ભગવાન;
કર્મ નિકંદન ભવ ભય ભંજન,
કરે પરમ કલ્યાણ. અરે તમે.
અજરામર છે અકળ સ્વરૂપી,
જગવલ્લભ જગનાથ;
શ્રી સુવર્ણ જીનમંડળ પ્રેમે,
પ્રણમે જોડી હાથ. અરે તમે.

૪

કરો નરવરનો જયજય શ્રીવર. એ રાહ.

ગયો આવે નહિ ફરિ ફરિ અવસર,
તજિ આળશ તું,
ભજિ લે શ્રી જીનવર. ગયો.
પવન ગયો પછી કોનું ઘર જર,
જાણો જુઠાં સગાં સહોદર,
રાખો ઉર મહીં, વિશારો કદિ નહીં,
શેવો આનંદ જે સુખકર. ગયો.
ભક્તિ ભાવથી સમરે શ્રીહરી,
પાપ ટળે શીઘ્ર સુખ મળે;
સુવિધિ સમાજ માગે નિજ મંગળ.
ધાત્રા કિટ કિટ ધુમ કીટત્રા તક ધુમ કીટ,
તક ગદી ગંનધા. ગયો.

૫

જોજોને પેલો કુમાર, કુમાર મારી વાલી–એરાહ.
બેટા ભલેને જિનરાજ,
જિનરાજ મારા પ્યારા; બેટા૦
સોમેશું મુખડું ટાળે છે દુખડું,
ઉગ્યો શશિ પુનમનો આજ; આજ.

આંખ અણીઆળી લાગે રઢિઆળી,
સુંદર મુરત શિરતાજ; તાજ.
ભાવે જે ભાવે પાતિક પળાવે,
પુન્યની બાંધે તે પાજ; પાજ.
સુવધિ સમાજ આજ આનંદે નમિ કહે,
સેવો સદા જીનરાજ; રાજ.

૬.

આશું આસુ કે ચોમાસું આવ્યું
આંખમાં. એ રાહ.

શ્રી તારંગાનાવાશી અજિત જીનરાજ છો;
વા'લા ધર્મ ધુરંધર શેવકના શીરતાજ છો.
અતિ ઉમંગે આપના ચરણે,
આવે નરને નાર;
પાવન થઇ પાતક દુર ટાળે,
ધન માને અવતાર. શ્રી.
મન ચાહે મળવાને કાજે,
ચિત ચાહે તુજ શેવ;
કરી કૃપા દરશાન દો સ્વામી,

દીન દયાળુ દેવ. શ્રી.
નીત્ય નીત્ય નવરંગી આંગી,
શોભા વરણી ન જાય;
વિવિધ પ્રકારે ભાવ ભાવતાં,
ઉરમાં અતિ હરખાય. શ્રી.
ગામ ગામના ચૈત્રી પૂનમે,
દરશન કરવા આવે;
શ્રી સુવિધિ જીન મંડળ આજે,
આનંદે ગુણ ગાવે. શ્રી.

૭

આજે આનંદ આનંદ થઈ થઇકાર
થયો. એ રાહ.

સુમતિ સૂમતિ આપી સદા સુખ કરો;
માની મારી અરજ, મુજ દૂઃખ હરો,
કર્મ દૂર કરો, માનો બોલ ખરો. સુમતિ.
ચાહું ચીત સેવા આપ પાય તણી,
આવિ અંતરાય કરે હરકત ઘણી;
તેનો નાશકરો, ગણો મને દાસ ખરો. સુમતિ.

સૂરિશ્વિ મંડળ નમે પાય પડી,
શિશ નામો વંદે નાથ હર ઘડી;
વિનતિ ઊર ધરો, હરી ઉદય કરો. સુમતિ.

૮

દેખ્યાભાઇ દુઃખના દાંડાહો દેખ્યા. એરાહ.
ભેટ્યા મલ્લિજિન પ્યારાહો, ભેટ્યા
ભાવે ભેટી આનંદ અંગે માનીએ.
થાવા ચાહે નેણુન ન્યારાંહો, થાવા
આજે ફળ્યો દીન ઊરમાં, એવું જાણીએ.
શિવ સુખ મળ્યાં, સવિ દુઃખ ટળ્યાં,
કર્મા બળ્યાં, પુન્યો ફળ્યાં;
તિમીર પડ ફાટી જઇ,
નીર્મળ ચક્ષુ આમ થયાં;
હે નાથ ગ્રહી અમ હાથ,
આ સંસારથી ઉદ્ધારજો;
તારક તર્યા પ્રભુ આપ અમને,
કરિ કૃપાને તારજો.
છે આશરો પ્રભુ આપનો,

નહિં અવરની આશા ધરૂં;
સમાજ સુવચી જીન તણો,
અંતઃકરણથી કહે ખરૂં. ભે.

૯

જપતી પ્રીતમની જપમાળ જુવતી
જો અલબેલી. એ રાહ.

રાખો હૃદયમાં રીખવનું નામ,
મમતા મોહને મેલી;
નિશદીન જપતાં તે નાખે, કર્મોને ઠેલી,
શેવક જનનો તે સદા છે બેલી. રાખો.
જાતાં ધર્મને રોકાઓ, ગ્રહીને તેનો હાથ;
સંસાર સુંદરી છોડીને,
ગ્રહ્યો શિવ સુંદરી સાથ;
જાણી વૃખભોની દયા, દુખથી છોડાવ્યા;
કહી કૃષીકાર સુખ, બંધાવ્યાં થેલી.શેવક૦
તે કારણ નવિ પામીયા,
અન્ન ઉદક એક વર્ષ;
હય ગય સૂખાસન મળે,

જર દેતા અતિ હર્ષ.
કર્યું કોણીક ઘર, પારણું સેલડી રસ,
વાધી નરનારી મન, હર્ષની વેલી. શેવક૦
ત્રિવિધ તાપ ટાળક પ્રભૂ,
શિવ સુખના દેનાર;
સુખકારી અતિ સર્વના,
વંછીત ફળ દેનાર;
વિશરામો નામી શ્વામી,
દીનના છે બેલી. શેવક-૨.
સુવિધિ જિન મંડળ નમે,
હીકર જોડી આજ;
ઉચરે અરજ ઉદય થવા,
ઇચ્છે સકળ સમાજ. ૨.

૧૦

શું નટવર વસંત થેઇ થેઇ નાચી
રહ્યો. એ રાહ.

આજ આનંદ આનંદ તનમન છાઇ રહ્યો,
છાઇ રહ્યો, ઉર છવાઇ રહ્યો. આજ.

લલિત મનોહર ગુણભરી, સુંદર મૂરતનાથ;
ચંદ્ર બદન રવિ ભાલજયું,
રાચે આતમરાજ.
દેખી સામળિઆની મૂરત તે સામગી;
ભક્તિનો રંગ દીલ છાઇ રહ્યો. આજ.
ચિત વેધક ચિંતાહરા, સુખ સાગર શ્રીપાસ;
દુઃખ ડુંગર ઉલટાવીને,
પુરતા આતમ આસ.
દયાનિધિ દાતાર, અંતરજામીરે;
છો તરણ તારણ મહારાજ,
શિવ સુખ સ્વામીરે.
અજબ અનોપમ શી બની,
આંગી આજ રસાળ;
જડીત ઘરેણાં ઝળકતાં,
વિધ વિધ પૂષ્પની માળ.
આનંદ ઉછળ્યો છે અતિ,
સુવધિ સમાજમાં;
મુક્તિનો લોભ મન લાગી રહ્યો, આજ.

૧૧

જપતી પ્રીતમ જપમાળ જુવતી જો
અલબેલી. એ રાહ.

જપો શ્રી જગવલ્લભનાથ,
જન પ્રમાદને મેલી;
અ'રનિશ ભજતાં તે નાખે, પાપોને ઠેલી.
દીનોધ્ધારક તે ભકતોનો બેલી. જપો.
ભવતારણ દુઃખહર વિભૂ,
સુખકર પરમકૃપાળ;
કરૂણાવંત કરૂણા કરી, શેવકના દુઃખ ટાળ.
આવ્યા ઉમંગે આપ ચરણોની પાસે,
નિરખતાં વાધી ઊર આનંદનિ વેલી; દિનો.
પાપતિમિર દૂરે હઠ્યું, પ્રગટ્યો પુન્ય પ્રકાશ.
કરમ બંધ તુટી ગયા, વાધ્યો ઉર ઉલ્લાસ,
દાળિદ્ર થયાં દૂર દર્શનથી આજે,
નેત્ર સફળ થયાં ટળી મુશ્કેલી. દિનો.
થઇ અળગી આશાતના,
દુઃખ થયાં સઉ દૂર;

સુવિત્રિ જીન મંડળ નમે,
આવી આપ હુજૂર.
ચાહેછે અંરનિશ ભકિત પ્રેમ ભરેલી.દિન્નો.

૧૨

બેઠા શું રે અહી (૨) પ્યારારે એરાહુ.
અરજ ઊરધારો (૨) સ્વામીરે,
મન આણી અતિ કરૂણાય. અ.
નરક નિગોદમાં ભટકિ થાકયો,
આવ્યો મનુષ ભવમાંય;
નાથ ગ્રહીને બાંય (૨). અરજ.
સકળ સુરા સુર નરવર નાયક,
જગતપતિ જગરાય,
કરો હવે મને સાંય (૨), અરજ.
સકળ સૃષ્ટિમાં આપ સગા છો,
બાકી બધી દુઃખદાય;
સ્વાર્થ માટે સગુ થાય (૨), અરજ.
પરમ કૃપાળુ પદ્મ પ્રભુજી,
ચાહુ ચિતની માંય;

સુવિધિ મંડળ ગુણ ગાય (૨), સુ૦અરજ.

૧૩

કંપે શીદ કર ડર ધરીને? ફરીને
ફરીને -એરાહ.

કંપુ શાને મન ડરીને, ફરીને ફરીને,
ભ્રમણા કરીને, સ્વસ્થા હરીને,
ભય મન વરીને. કંપુ.
ધીર દૂર કરીને, શાંતી હરીને,
દુઃખ શિર ધરીને,
બેસુન ઠરીને, દુઃખવા ધરીને;
તુજ જેવા છે મુજ દુઃખ હરવા,
કયમ કરૂ બીજા તણી હું પરવા,
થાઉ ખુશી સમરીને. કંપુશાને.

૧૪

ઉપરનો રાગ.

રાચુ સંભવ સમરીને.
ધરીને ધરીને, ધ્યાનથી કરીને,
કુમતી હરીને, રાચુ.

સુમતી ધરીને, દુઃખ પરહરીને,
ભય દૂર કરીને,
પુન્યો ભરીને, સ્થિરતા કરીને,
પાપથી ડરીને,
શિવ સુખ મીઠા ફળ લેવા,
સુવધિ સમાજ લાજ રાખતું હેવા;
અરજીને ઉર ધરીને. રાચુ.

૧૫

થયા છોરે પતિ તેજ પ્યારી તનના, એરાહ.
ગુણ ગાવું આજે આનંદે,
શ્રી સુવિધિ જિનના,
દુઃખ કાપો ભવો ભવના ગુણ.
અષ્ટ અતુલ બળી અરિને હઠાવી,
લીધુ શિવ પુર રાજ;
વર્યા રાણી, પ્રિતિ આણી,
ગુણ ખાણી, યોગ જાણી;
સ્વામિ શેવું હૂં સદા,
ઉમંગથી દાડી- ગુણ.

ગુણ પાંત્રીસે આપ અલંકરિઆ,
દ્વાદશ ગુણના ધાર,
ચીત ચાહુ, ગુણ ગાવુ,
ધ્યાને ધ્યાવું, પદપાવું,
ચરણ કમળમાં શિશ નમાવું,
કરમ મેહેલ કાહાઢી. ગુણ.
ચોતિશ અતિશય ધારક વિભુજી,
ગ્રહોને મારો હાથ;
મને તારો, ગણી તારો,
વિભુ વારો, અર્જ ધારો,
ઉદય સુવિધિ જીન મંડળ કેરો,
કરો વિઘનવારી. ગુણ.

૧૯

આવો કુમકુમને પગલે. એ રાહ.

કુંથુ જીન અંતરજામી,
મુજ મનના આતમરામી;
મધુકર કમળે લોભાયે,
ઘન દેખી મયૂર હરખાયે. કુંથુ.

શશિવિન કુમુદ દુખિ થાયે,
નિરવિન મિનથી ન રહેવાયે. કુ.
પંખિગાળે સુખ પામે,
ઉલ્લુક શશિવન નવ ભાળે, કુંથુ.
એમ હાલ શેવકના થાયે,
નવિ સુઝે મન મુઝાયે. કુંથુ.
દ્યો દર્શન અહોનિશ સ્વામી,
ખાળિ અંતરાયની ખામી;
સુવિધિ મંડળ કહે નામી. કુંથુ.

૧૭

કાનુડો શું જાણે મારી પીડ,
એ આડિઅલ હઠીલો. કા. એ રાહ.

મારી અરજ સુણો શ્રી જીનરાજહો,
મુનિસુવ્રત સ્વામી,
મોહ માયામાં માચ્યો,
રાગને દ્વેશથી રાચ્યો;
જાચ્યો નહીં ઘડી આતમરાજ,
જરાએ અરરરર. મારી.

લક્ષ ચોરાશી ભમિઆ,
દેહુ જરાન દમિઆ;
રમિયો વિષય સુખ છોડી લાજ
અતિ હું અરરરર. મારી.
બુડતા નોકાના તારક, કર્મ શત્રુના હારક;
કારક છો શિવ સુખના શિરતાજ,
કાપો દુઃખ કરરરર. મારી.
ભરૂંસો તું પર રાખે, મોક્ષંના ફળને ચાખે;
પાખે તુજ નહી કહી સુધરે કાજ,
વાલા અરરરર મારી.
શ્યામ રંગે છો સ્વામી,
વિનવુંછું અંતરજામી;
રાખો દુર ખામિથી સુવધિ સમાજ,
ટાળી અરરરર. મારી.
હાર હૈયાના મારા,
આંખોના આપ છો તારા;
પ્યારા હરિના સુધારો કાજ,
સુધારો સરરરર. મારી.

૧૮

પ્રેમનો કોલ દીઓ રાજકુમાર–એ રાહ.

મારા સાંતિ જીણંદ સુખકાર,
મમ હૈયા તણા છો હાર,
તારો તારો તમે કીરતાર. મારા.
સુખદાઇ પ્રભુ તું વડો,
મહા મોટો મહારાજ;
મોટા પુન્યે પામીયો,
તુમ દરસન હું આજ. મારા.
આજ મનોરથ સવિ ફળયા,
પ્રગટયા પૂન્ય કલોલ;
દુવિધ પાપ દૂરે ટળયાં,
નાઠા દુઃખ દંદોળ. મારા.
શાંતી કરો સૌ જગ વિશે, ટાળી રોગને દોખ;
શ્રી સુવિધિ મંડળ નમે,
પામી પૂર્ણ સંજોગ. મારા.

૧૯

પતિ મારા પ્રાણથી પ્યારા. એ રાહ.

મલ્લિજીન મોહન ગારા, ચક્ષુના તારા,
છો તારનારા પ્રાણુથી પ્યારા,
પાપ કરમારાં દુર.
સુરત મને લાગે પ્યારી, નિરખું ધારીરે.
નુર—નુર—નુર. મલ્લિજીન.
ભક્તિને ભાવે, સુવિધિ શિષ્ય ભાવે,
ગાન બજાવે,
ને શુદ્ધ ભાવે, પ્રીતીથી આવે,
કર્મ ન સાવે. દુર, દુર, દુર. મલ્લિજીન.

૨૦

ઓ અલબેલા આવો આવો
આવો. એ રાહ.

ઓ રીખવજીન, તારો, તારો, તારો,
તારો, તમે દીનાનાથ;
યાચુછું, રાચુછું, નાચુછું, કુદછું,
ઇચ્છુછું. આપને ઓ રીખવ.
માત મારૂ દેવા નાભીતણાનંદ,
ધર્મ ધોરી છો આનંદકારી;

શિવ સુખ ગામી શિદ્ધ ગિરિ ધામી,
દર્શન દયોને દયાળ મોરારી;
જાપ જપું નિત આપના નામને,
તાપ સંતાપને નાખ વિડારી. 'ઓ.
સોવનકારી, દેહ તમારી, મનહર સુંદરનાથ;
સુચત્રિ બાળ તારી, લ્યો મોરારી,
કહું છું જોડી હાથ;
લ્યો અમ વિનતિ સ્વિકારી. ઓ.

૨૧

મનહર કેવી, જોવા જેવી. એ રાહ.
ચેતન ચેત ચતુર તું ચીતમાં,
ચેતી બાજી ચુકે છે;
મહા મહેનતે મળ્યો મનુષભવ,
શાને રઝળતો મુકે છે;
ખરા સુખને છોડી શાને, ખોટા સુખમાં જુકે છે.
ક્રોધ ભુત કાળો નાગ, માન થકી દુર ભાગ;
લોભ ચોર કીરતીને, લુટતો આરે અથાગ.
વિષયને રાગ રંગ, તજ માયા તણો સંગ;

અદેખાઇ પાડે ભંગ, જુઠ કરે ગતિમંદ.
રાગ દ્વેશ કર નહી, કુફંદમાં પડ નહીં;
પ્રમાદને દુરકર,સુવધિબાળ શિખધર. ચેતન.

૨૨

ખેલો કુદો, ખેલો કુદો. એ રાહ.
ભેટા ભાઇ ભાવે ભેટો,સિદ્ધગિરિ ભાવે ભેટો.
આવો પાતિક દુર કરો, સિદ્ધગિરિ.
ચાહો ચાહો ચીત શેવા, રૂડા મીઠા ફુળ લેવા;
નમે નિત શુર દેવા, સિદ્ધગિરિ.
અવર નહીં એના સમો,
સુવધિ શિષ્ય રંગે રમો;
જઇને ઝટ એને નમો, સિદ્ધગિરી.

૨૩

વત સાવિત્રી વૃત આજ. એ રાહ.
નમીએ તે નેમ જિનરાજ, ગઢ ગિરનારીરે;
અમે આવ્યાજી આપની સર્ણ, ઉલટ ધારીરે;
મનહર મૂરત મહારાજ, સુખકર પ્યારીરે;
આનંદ ઉરમાં ન સમાય, જાઉ બલિહારીરે.
આંગી અજબશી આજ આ રચી,

જોઇ નેત્ર વિકસીત થાયરે,
તનમન આપ સેવમાં સ્વિકારશે.
સુવાસવાસ આપે કુસમ આ અતિ,
મધુકર રસલેવા ચિત ચાયરે. તનમન.
હીરાજડીત મુગટ શો તમારો,
કુંડળને છે અતિ ચમકારે;
હંસ સોભે કંઠસારે, પ્યારા પ્રેમે પ્રણમીએ.
બાયે બાજુબંધ બેરખા સારા,
કંચન શ્રીફળ કરમાં તમારા;
નોધારાના છે આધારા. પ્યારા.
કરમાં કડલી સાંકળાં, ઉરમાં મુક્તાહાર;
સુવિધિજીનમંડળનમે,પ્રેમેવારહજાર.નમિયે.

૨૪

તાતને ભરૂશો નથીરે. એરાહ.
આધાર મને છે તારે રે, મહાવીર પ્યારા.
ભક્તિ વારી પાન કરીને,
કરૂં સાંત આતમ મારે રે. મહાવીર.
ખરૂં સગપણ તુજસાથનું,

ધનઆંધન તુજગાન;
પ્રેમ ધરૂં તુંજ ધ્યાનમાં,
અવર બધુ અજ્ઞાન. મહાવીર.
છોડો બંધન તાતજી, ઉગારો તો ઉગરાય;
સરણુ અવર નથી જગ વિશે,
ધરો અરજ દિલમાંય. મહાવીર.
બુડતાને તારક પ્રભુ, અસરણુ સરણુ આધાર;
પામરને છે આસરો, આપતણો કીરતાર. મ.
સુવિધિ સમાજ સાથે નમે,
આપ શેવક હરીલાલ;
હરનિશ હૈયડામાં વસો,
પ્રભુજી પરમ કૃપાળ. મહાવીર.

૨૫

રેના બોલો આવી વાત. એ રાહ,
પ્રણુમું હું મલ્લિનાથ, કરજોડી શિરનામિ.
સુખદાતા તું ભગવાન,
ગુણવંતા ગાઉ ગુણગાન;
આપો મુકિતનું દાન,

આપો મુકિતનું દાનરે. પ્રણમું.
કાપો મુજ કર્મના બંધ,
ટાળો ભવોભવના ફંદ;
ઉદ્ધારો આનંદ કંદ,
ઉદ્ધારો આનંદ કંદરે. પ્રણમું.
ચરણ કમળ તુજથી સહુ,
મુજ શિર કરવા શુદ્ધ;
ચક્ષુ પુષ્પ વધાવીને, કરૂ આતમ વિશુદ્ધ.
સેવા ફળ આરોગતાં,સફળ ફળી મુજ આશ;
પાપ પડળ દુરે થયાં, પામ્યો પુન્ય પ્રકાસ.
શ્રી સુવધિ મંડળ બાળ,
વિનવેછે ધારી વાહાલ;
ગુણગાયે હરીલાલ, ગુણગાયે હરીલાલરે. પ્ર.

૨૬

જય જય જય કોસંબી નૃપતી એ રાહ.
વા: વા: વા: પ્રણમું વિશ્વેશ્વર,
પદમ પ્રભુ પરમ કૃપાળ;
દીનદયાળુ છો દુ:ખ હરતા,
પામરના પ્રતિપાળ દયાળ.

નમું નાથ—જોડિહાથ.

સુંદર કાંતિ આપે સાંતિ,
ટાળતી મનના કલેષ;
ભકિત ભાવે ભાવના ભાવું,
છોડી રાગને દ્રેષ.
જન્મ જરા મૃત્યુ દુઃખ નિવારો,
જગપતિ જય જીનેશ;
મુક્તિની જુક્તિ કરો બાળ જાણી,
આણી કૃપા કંઇ લેષ. વા.

નભરાજ—શિરતાજ.

વદન કમળ નિરખી હરખી,
યાચુ હું દિનેશ;
પાપના પુંજનો નાશ કરો પ્રભુ,
મયા કરી વિશ્વેષ;
સુવત્રિ સમાજનો ઉદય કરવા,
વિનવે પ્યારા તુને હમેશ;
હરીલાલની ભાળ સદા લે,
પ્રણમી કહું તુને પરમેશ. વા.

૨૭

ભલે આયે હુજુર મારે આંગનમે. એ રાહ.
મોહે લાગી લગન પ્રભૂ સંભવસેં,
એસો મોરે પ્યારે યહ જીવ ભુવનમેં. મોહે૦
આંગી બનાઇ ફુલોકી મોહન,
મુજરા માનિલ્યો પ્રિય મોરા સાજન;
આયે બસો મોરે નેનનમેં. મોહે૦
કરો મંગળ શ્રી સુવધિ સમાજકો,
ધન્ય ઘડિ ધન્ય દિનહે આજકો;
હરી નમે તુજ ચરનનમેં. મોહે૦

૨૮

ગાજે ગગન ધરરર, ગગન ધરરર, એ રાહ.
થશે દશાથી અરરર, દશાથી અરરર,
ખુટશે કાળ જબ ખરરર;
ધાર્યો ધરમ ન સરપર, ધરમ ન સરપર;
વિલાસ સપડયો સરરર.
વદતાં જૂઠ ન રાખ્યો ડરરર,
નિતિ ભ્રષ્ટ હું થયો અરરર. થશે.

દીધાં દુઃખ દયા તજી, પાળ્યાં નહીં વ્રત નેમ;
ભોગી ભમર સમ હું બન્યો,
મન સમજ્યો ન પાપને પુન્યરે,
પ્યારા કર્મ કથા કયાં કહીયે.
રોઈ રહીયેરે, પુરણ પરતાઇરે પ્યારા, કર્મ,
ખાલી હાથે આવિઓ, ખાલી હાથે જાઉં;
શુભ કરણી કાંઇ નવ કરી, હવે શું થાશેરે,
મુક્તિ વધુ હવે કેમ મળેરે,
સમરૂં પ્રભુ શિ રિતે હવે, ગાત્ર સ્થિળ,
થઇ જવે. માટે ભજો મહાવીર.
ભજોમહાવીર, સુવિધિ સમાજ શીખધરરર,
શીખ ધરરર, હરી દુઃખ હર. ઘરો.

૨૯

બેની મારી સરયુ વિલાશી. એ રાહ.
છો પદમજિન પ્યારા,
મોહનગારાને પ્રાણપ્યારા, તુજ તું.
ખરો આશરો તારો, એક આધારો,
તારણ હારો, તુજ તું.

છો અસરણ સર્ણ, ભવ ભય હર્ણ,
તારણ તર્ણ, તુજ તું.
સુવિધિ સમુહ સ્વામિ, અંતરજામી,
મોક્ષનો ગામી, તુજ તું.

૩૦

પ્યારાને કહેજો મારાને. એ રાહ.
અરનાથ ધરો મુજ ઉર અંરજિ.
ગરજી છુ હું આપ તણો વિભુ,
સરજી ભક્તિ મુજ માટ પ્રભુ;
મરજી છે કરવા શેવા તુજ,
સુખ સાતા સ્વામી કરજી. અર.
હરજી મુજ પાપો પ્રભુ પ્યારા,
કરજી સાંતિ તણા તું કયારા;
ભરજી જ્ઞાનથી ભરપુર મુજને,
સુવિધિ સમાજ વિનતિ ધરજી.

૩૧

ધન્ય ઘડી આજ આનંદકારી. એ રાહ.
અજિત અજિત વા શિ છબિ તારી,

મોહી રહ્યા મન સુરનર નારી;
કર્મ મેહેલ સબ દુર નિવારી,
મુજ આતમ પામ્યો શાંતિનિ ક્યારી;
પાપ પડળ થયાં દુર અમારાં,
પામ્યો દરસન પ્રભુજી તમારાં;
સૂમતિ સંગ કરાવોને મુજને,
કૂમતિ કાઢો કહું હું તુજને.
તું બહુ પ્યારો, ભવ ભય હારો,
જગતપતિ, સુધારો ગતિ;
સુવિધિ સમાજની જાણો તમે દાજ,
પ્યારા પ્રભુ પ્રણમેછે હરી આજ;
આવ્યા આ વારે, સર્ણુ તમારે. અજિત.

૩૨

ક્યાંથી આ સંભળાય મધૂર સ્વર. એ રાહ.
વિનતડી અવધાર, અનંતજીન; વિનતડી.
સેવકની લે સાર, અનંતજીન.
નર્ક નિગોદમાં રઝળી રખડી,
આવ્યો આપની પાર. અનંત.

પુન્ય ઉદય થવાથી પામ્યો,
પ્રભુજી તુમ દેદાર. અનંત.
સુવિધિ સમાજ કહે હરી સાથે,
તાર તાર પ્રભુ તાર. અનંત.

૩૩

પ્રીતડી પસારૂ જઇ પ્રેમથી,રંગીલી રૂડી.એ રાહ.
ચેતનચેતિલેચતુરચિતથી,સમજીમન. ચેતન.
અસાર સંસારમાં માચી રહ્યો તું શું,
કંચન નારી શું ચાહે પ્રિતથી. સમજી.
સાચ પરહરી જુઠ સંગ શું કરતો,
કેમ રાચે કહે તું અચિતથી. સમજી.
મોહ માયાને ક્રોધ શાને મન ધરતો,
રાગ દ્વેષ લોભ ચાહે શું હિતથી. સમજી.
શિવસુંદરીથી દેડો શું ફરતો,
સુવિધિ સમાજ થાકયો કથિ. સમજી.

૩૪

મને માતાજી બોલાવે, આજ આનંદનો
દહાડો એ રાહ.

ભલે ભાવ ધરી બેઠા તમે સીધગીરિરાજ.
જઇ ભક્તિ કરો સુભ ધ્યાન ધરી,
થાઓ સ્વચ્છ તમે કર્મોને હરી;
ટાળો ભવભય શિવનાર વરી,
ચિતમાં સુમતિ ધરીને.
ગાય સુવર્ત્રિ સમાજ, ભલેભાવ.

૩૫

તું ધાર; સુમતિધાર,
ધરિને પ્યાર, ગણિને સાર;
રે શરડી, આવી પડી,
છેલ્લિ ઘડી, મોતે ચઢી, તું ધાર.
કૂમતિ કુડી છે બહુ બુરીજી,
ઝેરતણી તે છે થેલી;
ભોળા જનને તે ભરમાવી,નરક કુંડમાં દે ઠેલી;
કરે તેહુ તણો સંગ, પાડે સુખમાં તે ભંગ;
અતિ વિચિત્ર છે ઢંગ,
કાઢ, મારીને કાઢ. તું ધાર.

૩૬

પાપ પુરવના જાણવારે,
જેના પાપી માબાપ. એ રાહ.
શિળવૃત રૂડું પાળવુંરે, ઉત્તમ નરનું એકામ,
શીયળ રસ ક્ષુધાને વામે,
શીયળથન કીરતીને પામે;
શીયળ રતન છે એવું રે,
નવ મળે ખરચે અતિ દામ. શિળ.
શીયળ છે જગમાં દીપસમાન,
શીયળ થકી બહુ હુંછે માન;
રેવાર ધાર ધાર, રેવાર ધાર ધાર,
તેમાં છે ગુણ અમાપ. શિળ.
શીયળ છે મોટો વૈદરાજ,
શીયળથી સરસે સહુ કાજ;
રેવાર ધાર ધાર, રેવાર ધાર ધાર,
છે અતિ ચળકતિ ખાપ. શિળ.
શિયળ થકી વરતે ત્રણ કાળ,
શિયળ ડીગિયો મોટો ભાળ;

૩૬

રેંવાર ધાર ધાર, રેંવાર ધાર ધાર,
મહા મંત્ર ટાળે પરિતાપ;
સુવિત્રિ સમાજ ધરી દિલદાઝ,
વિનય થકિ વિનવે છે આજ;
રેંવાર ધાર ધાર, રેંવાર ધાર ધાર,
ટળશે મનના સંતાપ. શિળ.

૩૭

ભાગ્ય તે જુવતીના જાણુવાંરે. એ રાહ.
ધન્ય ધન્ય મરૂદેવા નંદને રે.
અંતરજામિ બહુ નામીછો,
ગૂણુગામી સાયબા. ધન્ય.
નાભીરાયા કુળ ચંદલોરે;
ગુણુના દરિઆ શિવસુખ વરિઆ
અરિહા ઠરિઆ. સાયબા. ધન્ય.
કંચન સમ તમ કાયછે રે;
મુખડું મલકે પલકે પલકે,
ચળકે ઝળકે સાયબા. ધન્ય.
સિવગીરીસ્વામી સુહંકર રે;

३७

તાર્યા વાર્યા ધાર્યા સાર્યા,
પ્યારા મારા સાયબા. ધન્ય.
સુવધિ સમાજ આજ વીનવે રે,
જાણો દાસ પુરો આસ,
પાડો ભાસ સાયબા. ધન્ય.

३८

પ્યારા ભાઇ વધાવું રે. એ રાહ.

મહાવીર મનધ્યાવું રે.
જગત તણી જંજાળ તજીને,
ધરૂં આપનું ધ્યાન. મહાવીર.
આપો શિવદાન,કાપો પાપિકર્મોનું ગુમાન;
પ્રેમે ભક્તિ પાવું રે,
હર્ષે તુજ ગુણ ગાવું રે. મહાવીર.

આરતિ.

જય જય આરતી શાંતી તુમારી,
તોરા ચરણ કમળકી,
જાઉં બિલહારી, જય. ૧
વિશ્વસેન અચીરાજીકો નંદા,

શાંતિનાથ મુખ પુનમ ચંદા. જ. ૨
ચાલીસ ધનુષ્ય સોવન મય કાયા,
મૃગલંછન પ્રભુ ચરણ સોહાયા. જ. ૩
ચક્રવર્તી પ્રભુ પાંચમા સોહે,
સોળમા જીનવર જગ સૌ મોહે. જ. ૪
મંગલ આરતી તોરી કીજે,
જન્મ જન્મનો લાવો લીજે. જ. ૫
કરજોડી શેવક ગુણ ગાવે,
સૌ નરનારી અમરપદ પાવે. જ. ૬

મંગલ દીવો.

ચ્યારો મંગલ ચ્યાર આજ મારે,
ચ્યારો મંગળ ચાર; એ ટેક.
દેખ્યો દરસ સરસ જીનજીકો,
સોભા સુંદર સાર. આજે. ૧
છીનું છીનું છીનું મન મોહન ચરચ્યો,
ઘસી કેસર ઘનસાર. આ. ૨
વિવિધ જાતકે પુષ્પ મંગાવો,
મોઘર લાલ ગુલાલ. આજે. ૩

ધુપ ઉખેવોને કરો આરતી,
મુખ બોલો જયકાર. આજે. ૪
હરખ ધરી આદેશ્વર પુજો,
ચોમુખ પ્રતિમા ચાર. આજે. ૫
ભાવ હૃદયે ધરી ભાવના ભાવો,
જીમ પામો ભવપાર. આજે. ૬
સકલચંદ સેવક જીનજીકો,
આનંદ ધન ઉપગાર. આજે. ૭

સમાપ્ત.

ॐ नम.

અથશ્રી નવકારનો રાસ.

સરસતિ સામીને દ્યો મુજ માયતો,
ગૌતમ ગણધર લાગૂજી પાયતો;
તે ફળ જાણજ્યો શ્રી નવકારતો,
રાસ ભણું શ્રી નવકારનો. ૧
પેહેલા લિજે શ્રી અરીહંતનું નામતો,
સાધુ સર્વને કરૂ પ્રણામતો;
સદ્ગુરૂ વાણી તુમે સાંભળો,
ભુલ્યા જો અક્ષર લિખજ્યોજી ઠાંમતો;
ચૌદ પૂર્વ પહેલાં કહ્યાં;
તે પછી પુરસે મન તણી આશાતો. તે. રા. ૨
એણે મંત્રે બાંધ્યો બીજ આકાશતો,
અમાવાશ્યા પુનિમ કહે;
વૃક્ષ ઉપાડી ચલાવિયો સાથેતો,
વિચે વાઘ વાસો વસે;
ડાકણી સાકણી લાગેજી પાયતો. તે. રા. ૩

મંત્રમાહિ કીધો વડોરે નવકારતો,
ગુણતાં આણંદજી લાગે પાયતો,
એ રત્ન રૂપે એ નિરમળાં;
કર્મ રહીત થયા મોક્ષ દુવારતો, તે. રા. ૪
સુર નર નારી તુમે સાંભળો વાતતો,
ગાતા પૂરસે મનતણી આશતો,
ધ્યાયતાં સંકટ સર્વ ટળી જાયતો,
વૈરી વીરોધ દુરે ટળે;
સુગણિનો પીતા મુગતિનો સાથતો, તે.રા.૫
એહુનો એક અક્ષર સંભારેતો,
પાપ ખપાવે સાગર સાતતો,
પુરે પદ આગલ કરૂં;
દુરીત હરે સાગર પંચાસતો;
પાચસેં પૂર્ણુતા લહૂં;
વહી ઉપધ્યાન ભણે નવકારતો, તે. રા. ૬
સુત્ર સિદ્ધાંત એણે પરકાસતો,
તોહિ પણ એણે સમે કો નહી;
જિનવરે ભાખીઓ એ લેસાટતો,

સાધુ શ્રાવક એમ જંપિયા;
મોક્ષનું કારણ લહું ભવ પારતો, તે. રા. ૭
સાધતા પદ એ જગમાં જાણતો,
તોહી પીણ એણ સમે કો નહી;
એક શીયળ બીજો નવકારતો, તે. રા. ૮
ફેરડા ચારતો બાળે વેસતો,
નહિ જળ ઉલટ આવિયા શેઠતો,
બાલક સાથે ચલાવિયો નાવતો,
તેણ સમર્યા મનમાં નવકારતો,
નહિ જળ ફાટી હુઅરે હુવારતો, તે. રા. ૯
એહના માંહે સૂરત રંગેતો,
રંગ ફાટે ફીટે નહીં;
ગાયંતા તતખીણ સહુ પરીવારતો,
અંતરમાં કોઇ સાંસો નહીં;
કોન્હે વણારશીકુંને પસાયતો, તે. રા. ૧૦
રત્ન જડિત ગળે પેહેરીયો હારતો,
તપ તણી મુદ્રિકા જળ હળે;
ખેમાના ખટકણ રાખી હારતો,

પંચમી ગતિનો એહ દાતારતો, તે.રા. ૧૧
રત્ન મુળાનો હુય પરીમાણતો,
શિયળ અનોપમ જગમાં જાણુંતો,
જે નરનારી નીર વહ્યા;
અનુભવ સુરતરૂ જય જયકારતો, તે. રા.૧૨
કંન્યા ધુધર તણી સાંભળો વાતતો,
કુડી ન પૂરશો કોઇ તણી સાખ્યતો,
થાપણ મોસો મત કરો;
ગંધરપનાપરે ઉપનો રોગ તો,
દુઃકૃતનીપરે જાણીએ;
જીભ સડે ને પડેરે વિયોગ તો,
દૂઃખણી પરે જાણજો;
આરણ કારણ પુત્ર વિયોગતો. તે, રા. ૧૩
ચંપાપૂરી તણી સાંભળો વાતતો,
સતિને કલંક આવ્યાં અપરાધતો,
નામ સુભદ્રા જાણજયો;
કૂડુ ન ભાખ્યું રતિય લગારતો, તે.રા. ૧૪
જિત શત્રુ રાજા પાળશે રાજયતો,

દિન દિન એક એક બીજોરૂં ખાયતો,
જીભ તણે રસે ઇંદ્રીએ ચોરતો,
એહુ બીજોરે રાખીઓ હારતો, તે. રા. ૧૫
એક દિન ચિઠિ આવિ જિન દાસ તો,
રાયે બોલાવિ આપણુ પાસતો,
ઉઠો શેઠજી બીજોરૂ લાવજયો,
શેઠને ઉઠતાં લાગી છે વારતો,
તેણે સમર્યો મનમાં નવકારતો,
દેવતા ઉઠીને લાગેજી પાયતો, તે. રા. ૧૬
એક પુરવ તણી સાંભળો વાત તો,
રાજાને ખોળે વિશરયો સંસય તો,
લોક માંહિ મહિમા ઘણો;
અનુભવ શુરતરૂ જયજય કારતો,
પરભવે પામસ્યો મોક્ષદુવારતો, તે. રા. ૧૭
પોતનપુરતણી સાંભળો વાતતો,
મદનનામે એક શ્રાવક સારતો,
તેહુની બેટી છે શ્રીમતી;
પરણીછે મિથ્યાત્વિને ઘેરતો,

ધર્મ ઉપર દ્વેષછે ઘણો;
તેણે રાખીઓ ઘડામાંહી સાપતો,
નોકાર પ્રભાવે થઇ ફૂલની માળતો,
સાત વસણનો સેવણ હારતો,
પર વચન સેવે ઘણું;
માતા પીતા કુટુંબ સહુ પરીવારતો;
કોણ ન માંને કોય તણું;
સંકટ પડે સમર્યો નવકારતો,
ફરશાથી ઉઠો નીકળ્યો બાહારતો, તે.રા. ૧૯
મથુરાં નગરિ તણી સાંભળો વાતતો,
અધીક ચોરવશેતે માંહીતો.
ખાતર પાડી ધન લાવે ઘણું;
મથુરાં નગર તણે કહું અવદાતતો,
કુળવંતો વેશ્યાએ માંડયો વાદતો, તે. રા.૨૦
હાર પડ્યો ચોરે જાણીઓ એકતો,
તે લેઇ નાંખ્યો કેરડાની પાસતો,
સુળી ઉપરે જો રોપીઓ;
પાણીની તૃષા લાગી અતી અપારતો,

હાથ સાને જળ માગીઓ. તે. રા. ૨૧
રાજાને ભયે કોય પાણી ન પાયતો,
જીણદાશ શેઠે એમ કહ્યું;
પાણી લાવું ત્યાં લગે ગણે નવકારતો,
તિણે શમર્યો મનમાંહે નવકારતો,
તેહ મરી થયો યક્ષ કુંમારતો,
શેંત્રુજે શા નિમીતે કરે; તે. રા. ૨૨
ચારૂદત્ત નામે શેઠનો પૂત્રતો.
વેશ્યાને સંગી હાર્યો ચિત્તતો,
દ્રવ્ય ઉપરે ઉદ્યમ કરે;
અનુક્રમે આવ્યો દરીયાની તીરતો,
કાઉસગ અણુશણ ઉચ્ચરે;
સુણી નવકાર ને ગયો દેવલોક તો,
દેવતા આવીને કરે પ્રણામતો. તે. રા. ૨૩
ચંદ્રાવતી નગરી મનોહારતો,
વિરધવળ રાજા કરે રાજ્યતો,
બેટી મયણાસુંદરી;
કર્મે વશે ગઇ દેશને પાળતો,

દુ:ખ સહ્યાં કીધાં અપારતો,
પંખી થકી જળ ધર પડે;
તીહાં સમર્યો મનમાંહી નવકારતો,
જળચર તરીઓ ને તર્યો પારતો. તે.રા.૨૪
ફુલપુર નગરી જસદ્દીપ મોઝારતો,
દમણસાગર રૂપી રહ્યા ચોમાસુતો,
ત્યાં બેસી બેહુ શીખ્યાં નવકારતો,
રાજકુમર રત્નાવળી;
ચારીત્રપાળે મોક્ષ દુવારતો, તે. રાસ. ૨૫
ત્રીભુવનમાં હુવો જયજયકારતો,
તે ફળ જાણજો શ્રી નવકારતો,
રાશ ભણું નવકારનો;
રાસ ભણું, શ્રી અરિહંતનો,
રાસ ભણું શ્રી ગૌતમ સ્વામીનો,
રાસ ભણું સર્વસાધુનો,
તે ફળ જાણજો શ્રી નવકારતો.
રાસ ભણું શ્રી નવકારનો. ૨૬.

સંપુર્ણ.

सूतक विचार.

પુત્ર જન્મે તો દસ દિવસ, ને પુત્રી જન્મે તો અગીઆર દિવસ સૂતક પાળવું. મૃત્યુ થયું હોય તો બાર દિવસ સૂતક પાળે, સાધુ વોહોરે નહીં, ને તેના ઘરના જળાદિકથી જીનપૂજા થાય નહીં. જણનાર સ્ત્રી એક માસ સૂધી જીનદર્શન ન કરે, ને ચાળીસ દિવસ સૂધી જીનપૂજા ન કરે.

જે ઘરમાં જન્મ તથા મરણ થયું હોય, તે ઘરનાં માણસો બાર દિવસ જીનપૂજા ન કરે.

મુડદાને અડકનારા ચોવીસ પહોર જીનપૂજા, પ્રતિક્રમણાદિક ન કરે, કાંધીઆ સોળ પહોર સૂધી ન કરે. ને વેષ પાલટનારા આઠ પહોર સુધી ન કરે. ગોત્રી હોય તે પાંચ દિવસ સૂતક પાળે.

જન્મે તે દીન મરે, દેશાંતરે મરે, કે સ-

ન્યાસીપણે મરે, તો એક દિવસ સૂતક; દાસ
દાસીનું ઘેર મૃત્યુ હોય તો એક, બે કે ત્રણ
દિવસ સૂતક હોય.

આઠ વર્ષની અંદરનું મરે તો આઠ દિવ
સૂતક; રૂતુવંતી સ્ત્રી ત્રણ દિવસ સુધી
થા દાણા પાણીને અડકે નહીં; ચાર દિવ
સૂધી પ્રતિક્રમણાદિક ન કરે; ને પાંચ દિ
સ સૂધી જીન પૂજા ન કરે. ત્રણ દિવસ થ
હોય તોપણ રોગાદિકથી રૂધિર દેખાય
વિવેકથી પવિત્ર થઈ પ્રતિક્રમણ કરે,
હરકત નથી.

જેટલા માસનો ગર્ભ પડે તેટલા દિ
સૂતક રહે.

ઘોડી, ગાય, ભેંસ, વિગેરે પ્રસવે તો
ક દિવશ સૂતક; ને મરે તો કાઢી નાખે
સુધી સૂતક રહે. વીયાયા પછી ભેંસનું
૧૨ દિવસ, ગાયનું દસ દિવસ, ને
રીનું આઠ દીવસ અશુદ્ધ દુધ હોય,

ગૌ મૂત્રમાં ૨૪ પહેાેરે. ભેંસના મૂત્રમાં ૧૬ પહોરે, બકરીના મૂત્રમાં ૧૨ પહોરે ને ગાડરના મૂત્રમાં આઠ પહોરે સમૂર્છિમ જીવ ઊપજે.

જે વખત અવકાસ મળે તે વખતે નાહી ધોહી સુદ્ધ થઇ શુદ્ધ વસ્ત્ર પેહેરી અંતર વાસી નાખી દેરે પૂજા કરવા જવાની વિધિ:

પૂજનિકે પોતાના કપાલમાં ચાંલો કરવો આઠપડો મુખકોસ બાંધી જીનજીની અષ્ટ દરવથી પુજા કરીએ: તેના નામ,

૧ જળની, ૨ ચંદણની, ૩ ફુલની, ૪ ધુપની, ૫ દીપકની, ૬ અક્ષતની, ૭ નિવેદની, ૮ ફળની.

એ રીતે પુજા કરવી તેમાં નીચે લખેલો દુહો કહેવો પછી પુજા કરવી.

૧ દુહો.

ઊત્તમ જલથી પખાળીએ,
શ્રી જીનવરનું અંગ,

ભાવ ધરી પુજા કરે,
હોવે સીવગતિ સંગ;

જળની પખાળ કરવી ને તે કરતાં નીચે લખેલા મંત્ર અક્ષર કેહુવા ૐ હ્રીઁ શ્રીઁ પરમ પુરૂષાય. પરમેશ્વરાય, જન્મરા મૃત્યુ નિવારણાય, શ્રી મતે જીનેંદ્રાય, જલં યજામહે સ્વાહાઃ॥

૨ દુહો.

કેશર કસ્તુરી ઘસિ, ભરો કચોળી સાર;
જીનવર અંગ તે પુજતાં, હોવે ભવનો પાર.

કેસરથી પ્રભુના નવ અંગે તીલક કરીએ નેમંત્ર અક્ષર કેહુવા.

ૐ હ્રીઁ શ્રીઁ પરમ૦ ચંદન ય૦ સ્વાહુ!

તે નવ અંગના નામ.

૧ પગના બે અંગુઠા તેમાં એક આંગળી ભરી પેહેલા જમણા પગના અંગુઠે કરીએ ને પછી તેને તે કેસરે ડાબા પગના અંગુઠે કરીએ.

૨ ઢીંચણ બે ઉપર કહ્યા પ્રમાણે પુજીએ.
૩ બે કાંડાં એ ઉપર કહ્યા પ્રમાણે પુજીએ.
૪ બે ભુજાએ ઉપર કહ્યા પ્રમાણે પુજીએ.
૫ સીર ઉપર ચાંલ્લો કરી પુજીએ.
૬ ભાલ એટલે કપાળમાં ચાંલ્લો કરી પુજીએ.
૭ ગળે ચાંલ્લો કરી પુજીએ.
૮ છાતીએ ચાંલ્લો કરી પુજીએ.
૯ નાભિએ ચાંલ્લો કરી પુજીએ.
એ રીતે નવ અંગ પુજવા.

૩ દુહો.

અખંડ કુસુમ જીનને ધરો, ગુંથિ ફુલની માળ, સિવ રમણી તે પામવા, પુજો જગત દયાળ.

મંત્રા અક્ષર કહી ફુલની પુજા કરીએ, ફુલ છુટાં ચડાવીએ તથા હાર ગુંથિ ચડાવીએ.

૪ દુહો.

અગર તગર દશાંગનો, કરીએ ધુપ વિશેષ;

દુગંધા દુરે ટળે, ના રહે કર્મનો લેષ.

મંત્રા અક્ષર કહી જીનદ્દારમાં ધુપ ઉ-ખેવીએ.

દુહો.

પંચમી ગતિને પામવા,
કરીએ જીન દરબાર.
ધ્રત્ત દીપક મન રંગસુ,
પામવા સિવસુખ સાર.

મંત્રા અક્ષર કહી ફાનસમાં જેમ પ્રાણી સચવાય તેમ ધીનો દીવો કરીએ.

ઉજળ અક્ષત હાથસું,
લાવે જીનવરપાસ.
સ્વાસ્તિક કરતાં લીજીએ,
નિસે સીવપુર વાસ.

મંત્ર અક્ષર કહી પ્રભુ સામા અક્ષતનો એટલે ચોખાનો સ્વાસ્તિક કરીએ.

૭ દુહો.

જીનવર આગે મુકીએ, લાવી નિવૈદ રશાળ

સિવ રમણી તે પામવા, પુજો દીન દયાળ.
મંત્રા અક્ષર કરી નિવૈદ લાવી પ્રભુની પાસે મુકીએ.

૮ દુહો.

અષ્ટ કર્મ નિવારવા, લાવો ફલ નિરધાર.
પુરૂસોતમને પુજતાં જાસે કર્મનો ભાર,
મંત્રા અક્ષર કહી સુંદર ફળ પ્રભુ આગળ મુકીએ એ રીતે આષ્ટ પ્રકારી પુજા કરવી.

जीवविचार.

શુભઅશુભ કર્મનો કર્ત્તા, હર્ત્તાને ભોક્તા એવો ચેતનાલક્ષણ જીવ છે. તે દશ પ્રાણમાંથી ઓછામાં ઓછા ચાર પ્રાણનો ધરનાર છે.

જીવના મુખ્ય બે ભેદ છે. ૧ મુક્ત, એટલે સિદ્ધજીવો; જે આઠ કર્મથી છુટા થયા છે, અને જે ચૌદરાજલોકમાં સૌથી ઉંચે આવેલી સિદ્ધિશિલા ઉપર અનંત અને અક્ષયસુખમાં બિરાજે છે. ૨ સંસારી, એટલે આઠ કર્મથી બંધાયેલા; જે ચૌદ રાજલોકમાં અનાદિ કાળથી દુ:ખમાં ભમ્યા કરે છે.

સંસારી જીવોના બે ભેદ છે. ૧ ત્રસ, એટલે જેઓ હાલી ચાલી શકે છે, અર્થાત્ જેઓ તડકાથી છાંયડે ને છાયડેથી તડકે જઇ આશ્રય લે છે. ૨ સ્થાવર, એટલે સ્થિર; જેઓ હાલી ચાલી શકતા નથી.

સ્થાવરના પાંચ ભેદ છે—પૃથ્વી, અપ,

તેઉ, વાયુ, વનસ્પતિ. ત્રસના ચાર ભેદ છે–બેઇંદ્રી, તેઇંદ્રી, ચોરંદ્રિ, ને પંચેંદ્રી. મનુષ્ય, દેવતા, ને નારકી, એ ત્રણે પંચેંદ્રી જીવો છે. (આ સર્વેના ભેદ દંડકવિચારમાં આવી ગયા છે.

એકેંદ્રીને માત્ર સ્પર્શની ઇંદ્રી અથવા શરીર હોય છે. બેઇંદ્રીને જીભ વધારે, તેઇંદ્રીને નાક વધારે, ચોરેંદ્રીને આંખ વધારે, ને પંચેંદ્રીને કાન વધારે હોય છે. સિદ્ધ જીવોના પંદર ભેદ છે. તેનાં નામ.—

જીન, અજીન, તીર્થ, અતીર્થ, ગૃહસ્થલિંગ, સ્વલિંગ, અન્યલિંગ, સ્રીલિંગ, પુરૂષલિંગ, નપુંસકલિંગ, પ્રત્યેકબુદ્ધ, સ્વયંબુદ્ધ, બોધબોધિત, એકાસિદ્ધ, અનેકસિદ્ધ. * એ-

---

* आहार शरीर इंदिय पज्जत्ती आणपाण भासमणे।
चउपंचपंच छप्पिअ इगविगलासन्निसंन्नीणं॥१॥

પર્યાપ્તિ—પુદ્ગલના ભેગા થવાથી જે શક્તિ થાય છે, ને જે પુદ્ગલનું પરિણમન કરવામાં હેતભુત છે, તે પર્યાપ્તિ કહેવાય છે.

કેંદ્રીને આહાર, શરીર, ઇંદ્રી ને શ્વાસોશ્વાસ, એ ચાર પર્યાપ્તિ હોય છે. બેઇંદ્રી, તેઇંદ્રી ચૌરેંદ્રી ને સમૂર્છિમ, એ જીવોને ભાષા પર્યાપ્તિ વધારે હોય છે; ને ગર્ભજને છએ પર્યાપ્તિ હોય છે; એટલે મન વધારે હોય તે જીવને તેટલી પર્યાપ્તિ પૂરેપૂરી મળે તો એવો જીવ પર્યાપ્તો કહેવાય છે; ને અધુરી મળે, અથવા પૂરેપૂરો મળ્યા વગર મરણ-વશ થાય, તો અપર્યાપ્તો કહેવાય છે.

સંસારી જીવના ૫૬૩ ભેદ છે. તેમાં ૧૪ નારકીના, ૪૮ તિર્યંચના, ૧૯૮ દેવતાના ને ૩૦૩ મનુષ્યના ભેદ છે. તે નીચે પ્રમાણે સાત નરકના પર્યાપ્તા ને અપર્યાપ્તા મળીને ૧૪ નારકી થયા. ૫ સૂક્ષ્મસ્થાવર, ને ૫ બાદરસ્થાવર. ૧ પ્રત્યેક વનસ્પતિ, ૧ સાધારણ વનસ્પતિ. ૩ વિકલેંદ્રી, પાંચ ગર્ભજપંચેંદ્રી ને પાંચ સમૂર્છીમ પંચેંદ્રી એ પચીસ થયા. ને વનસ્પતિ શિવાય ત્રે-

વીસ પર્યાપ્તા ને અપર્યાપ્તા એમ ૪૮ ભેદ તીર્યંચના થયા. દેવતાના ૧૯૮ ભેદ દંડકવિચારમાં આપેલા છે. વળી તેમાં મનુષ્યના ૧૦૧ ભેદ આવેલા છે. તે સમુર્છીમ પર્યાપ્તા ને અપર્યાપ્તા, તથા ગર્ભજ, એમ ત્રણ ગુણા કરતાં ૩૦૩ ભેદ થયા.

સર્વ જીવમાં ચેતના સંરખીછે કીડી તથા કુંજરનો જીવ સરખો છે, પણ નાનો મોટો નથી. વળી સર્વ જીવો અસંખ્યાત પ્રદેશી છે, તે માટે એક ભેદ પણ થાય. મોક્ષજીવ, ને સંસારી જીવ એમ સર્વ જીવોના બે ભેદ છે. તથા ત્રસ ને સ્થાવર એમ સંસારી જીવોના બે ભેદ છે. પુરૂષ, સ્ત્રી ને નપુંસક, એ ત્રણ લિંગ અથવા વેદે કરીને ત્રણ ભેદ છે. અથવા અધોલોક, તીર્છીલોક ને ઉર્ધ્વલોક, એમ પણ ૩ ભેદ થાય છે. મનુષ્ય, તિર્યંચ, નરક, ને દેવ, એ ચાર ગતિએ કરીને જીવના ચાર ભેદ છે. એકંદ્રી,

બેઇંદ્રી, તેઇંદ્રી, ચોરેંદ્રી, ને પંચેદ્રી એમ ઇંદ્રીએ કરીને પાંચ ભેદ છે.

પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય, ને ત્રસકાય એમ કાયાએ કરીને જીવના છ ભેદ છે. તથા પ્રત્યેકને સાધારણ એમ વનસ્પતિના બે ભેદ કરીએ તો જીવના સાત ભેદ થાય છે. અથવા સુક્ષ્મ, સ્થાવર, બાદરસ્થાવર, બેઇંદ્રી, તેઇંદ્રી, ચોરેંદ્રી, સંજ્ઞીપચેંદ્રી, તથા અસંજ્ઞીપચેંદ્રી, એમ પણ સાત ભેદ થાય છે. વળી આ સાતે પર્યાપ્તા ને અપર્યાપ્તા મળીને ૧૪ ભેદ થાય છે. ૫ સુક્ષ્મસ્થાવર, ૫ બાદરસ્થાવર, ૧ પ્રત્યેક વનસ્પતિ કાય, ૧ સંજ્ઞીપંચેદ્રી, ૧ અસંજ્ઞીપંચેદ્રી, તથા ત્રણ વિકલેંદ્રી, એ સોળ ભેદ પણ થાય છે. વળી તે સોળે પર્યાપ્તા ને અપર્યાપ્તા મળી ૩૨ ભેદ થાય છે.

જયારે જીવ એક ભવથી બીજા ભવમાં જાય છે, ત્યારે કાર્મણ, ને તેજસ, એ બે શરીર, તથા આયુપ્રાણ, એ ત્રણ તેની સાથે રહે છે, તેથી તે શરીરવડે પ્રથમ આહાર પર્યાપ્તિ બાંધે છે.

સમાપ્ત.

અગાઉથી ગ્રાહક થઈ મદદ આપનાર ગૃહસ્થોનાં નાંમ

પેથાપુર

૧૦૧ વકીલ. ડાહ્યાભાઇ હુકમચંદ. ધંધુકા.
૨૫ સા. પાંનાચંદ જચ્ચારામદાસ.
૨૫ મેતા. ચમનલાલ ટેકચંદ.
૨૫ મેતા. માણેકચંદ ખેમચંદ.
૨૫ મેતા. કેશવલાલ ભગુભાઇ.
૨૫ સા. ભગવાનદાસ વરધમાંનદાસ.
૧૧ મેતા. રતનચંદ વનમાલીદાસ.
૧૧ સા. ગોકલદાસ છગનલાલ.
૧૧ પરી. હીરાલાલ મોતીચંદ.
૧૧ પરી. અમથાલાલ જુમખરામ.
૧૧ ગાંધી. દલસુખરામ રવચંદ.
૧૧ સા. મનસુખભાઇ ભગવાંનદાસ.
૧૧ મેતા. ચંદુલાલ હઠીસીંગ.

૫ સા. પુનમચંદ રતનચંદ. તરફથી. શ્રી. સુવિધિ જીન મંડળી તરફ ભેટ

૫ સા. મુલચંદ રતનચંદ.

૫ પરી હુકમચંદ મોતીચંદ.

૫ પરી. મંગલદાસ છગનલાલ.

૫ મેતા. દલસુખ કાલીદાસ.

૫ સા. ભીખાભાઇ નગીનદાસ.

૫ સા. ભીખાભાઇ દોલચંદ.

૫ સા. નાહાલચંદ મગનલાલ.

૫ સા. જેસીંગલાલ હુરચંદ

૫ સા. મનસુખભાઇ લલુભાઇ.

૫ સા ચુનીલાલ જગજીવનદાસ.

૫ સા. બાલાલાલ કચરાદાસ.

૫ સા. વાડીલાલ છગનલાલ.

૫ પરી. બબાલાલ અમથારામ.

૫ સા. નગીનદાસ પુનમચંદ.

૫ સા. ચંદુલાલ મોતીચંદ.

૫ સા. ડાહ્યાભાઇ મંગલદાસ.

૧ મેતા. સકરચંદ કાલીદાસ.
૧ સા. જોઇતારામ રતનચંદ.
૧ સા. જમનાદાસ હાથીચંદ.
૧ સા. સકરચંદ છગનલાલ.

માધવપુરા.

૨૫ ભાઇ કપુરચંદ કેવાભાઇ ગાંમ. રેવદર
૫ મેતા. જુગરાજ બાલચંદ.
૫ સા. દોલતરામ કેસવલાલ.
૫ સા. નહાલચંદ અમરચંદ.

સાદરાકાંપ.

૧૧ વકીલ. ફતેચંદ રાંમચંદ.
૧૧ વકીલ. છોટાલાલ લલુભાઇ.
૫ સા. ગુલાબચંદ પેમચંદ.
૫ સા. હુકમચંદ સવચંદ

માંણસા.

૧૧ સા. રતનચંદ હુકમચંદ.
૧૧ માસ્તર. કાલીદાસ વનમાલીદાસ.
૧૧ વકીલ. મનસુખલાલ મુલચંદ.

મેસાણા.

૫ સા. પોપટલાલ કાળીદાસ.
૫ સા. નહાલચંદ પુનમચંદ.

પાટણ.

૫ સા. હેમચંદ ખેમચંદ.

ડાભલા.

૫ સા. ધુળાચંદ લીલાચંદ.

રાજુર.

૧૧ સા. મોતીલાલ મુલચંદ.

મુંબાઇ.

૧૧ સા. મનસુખભાઇ લલુભાઇ.

સમદરડી.

૫ ભાઇ. જેસીગ ખુબાજી.

વીસનગર.

૧ સા. લેહેરચંદ અનોપચંદ.

જાહેર ખબર.

અમારી તરફથી જૈન સુબોધમાળા ભાગ ૨ જો બહાર પડનાર છે માટે મારા પ્યારા જૈની બંધુઓ જેવી રીતે પ્રથમ ભાગના ગ્રાહક થઇ મને કૃતાર્થ કર્યો છે? તેજ રીતે બીજા ભાગના ગ્રાહક થઇ મને મારા કાર્યમાં ઉત્સાહી બનાવશોજી.

જૈન સુબોધ માળા ભાગ ૧ લો.

મળવાનું ઠેકાણું.

પેથાપુર–શ્રી સુવિધિ જીન મંડળીના મુકામમાંથી. તથા સા. પાનાચંદ જયઆરામ તથા મહેતા. કેશવલાલ બાગુભાઇ તથા મેતા. ચમનલાલ ટેકચંદને ત્યાંથી મળશે

અમદાવાદ–ઠે. નવા માધવપરામાંથી શા. મનસુખરામ રવચંદ તથા મહેતા. કેશવલાલ ભગુભાઇ તથા મેતા. ચગનલાલ ટેકચંદ તથા શેઠ. હરીલાલ મુળચંદ રતન પોળમાં શેઠની પોળમાંથી–મળશે.

લી. શા. સરૂપચંદ પુનમચંદ.